## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*થઈ ગઈ સૌમ્ય બિલાડીઓ હવે હજ કરે છે!*
*એની પીઠ પર ઉંદરો, હવે નિશ્ચિંત ફરે છે!*
*કરે હાથફેરો ચોરો હવે પોલીસ સ્ટેશને થી -*
*દોસ્તી બૂટલેગરોથી, હવે 'ગુપ્ત' દાન કરે છે!*
*(શામળાજી પોલીસ - સ્ટેશન)*

હાઈકુ

*ભીંત વિનાના,*
*ભંડારે કરે રક્ષા -*
*તબેલે તાળાં...*
*(લ્યો ! 'બાજ' નજર)*

*સિંહની પીઠે*
*ફરે તુચ્છ ઉંદર*
*કેવું ઔદાર્ય !?*
*(પંચતંત્રની યાદમાં - ક્ષમા?)*

### ચિંતન

***અમાન્યમત્સરો દક્ષો નિર્મમો દૃઢસૌહૃદઃ ।***
***અસત્વરોઽર્થ જિજ્ઞાસુરન સુયુર મોઘવાક્ ॥***

**ઉપરોક્ત શ્લોક શ્રી ભાગવતમાંથી લેવામાં આવેલ છે.**

**શિષ્યે અભિમાન ન કરવું જોઈએ. એણે આળસનો સદંતર ત્યાગ કરવો જોઈએ. તેને ક્યાંક પણ મમતા ન હોવી જોઈએ, ગુરુના ચરણોમાં દૃઢ અનુરાગ જોવો જોઈએ, કોઈ કામ ઉતાવળથી ન કરવું જોઈએ પણ સાવધાનીથી કરવું જોઈએ. સદા પરમાર્થના સંબંધમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા સતત રાખવી જોઈએ. કોઈના ગુણોમાં દોષ ન કાઢવા જોઈએ અને વ્યર્થ વાત ન કરવી જોઈએ.**

**ભણતર - કેળવણી - શિક્ષક કે તાલીમ એ 'તપ' છે એમાં આળશ ન હોવું જોઈએ. ગુરુમાં શ્રદ્ધા - વિશ્વાસ હોવો ખૂબ જરૂરી છે પૂજ્યભાવથી એમનામાં પૂજ્યભાવ હોવો જરૂરી છે. વાક-વિવાદમાં પણ એમનું અપમાન ન થઈ જાય એ ખાસ ધ્યાન રાખવું જોઈએ.**

### સુવિચાર

- ભણેલું ભુલાઈ જાય અને પછી જે રહે તે કેળવણી - **સંત રોબિન**
- કુવો સુકાઈ ન જાય ત્યાં સુધી પાણીની કિંમત સમજાતી નથી - **થોમસ ફુલર**
- કપટથી કે જુઠાણાંથી સમૃદ્ધિ વધારવી એ કાચી માટીના ઘડામાં પાણી ભરી રાખવાનો પ્રયાસ છે - **તિરુવલ્લુવર**
- સૂરજ તમને ગુસ્સે જોઈને ન આથમે તે જોજો - **સંત પાઉલ**
- ખેતરમાં સોનું દટાયેલું છે પણ ખેડૂત ઉપર ઉપરથી જુએ તો સોનું કેમ મળે - **છાંદોગ્ય ઉપનિષદ**
- રાજા, પ્રધાન, વૈદ અને સાધુને ઘડપણ શોભે છે, ગાયકને મલ્લને અને સેવકને એ શાપરૂપ છે - **પ્રાચીન સુભાષિત**
- આજનું ઔષધ : લીમડાના પાન વાટી વાળમાં લગાવવાથી જૂ-ખોડાની તકલીફ મટે છે અને વાળ મુલાયમ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજયમાં ચોરીનો ઉપદ્રવ વધી ગયો હતો, પૂરતી સલામતીની વ્યવસ્થા હોવા છતાં ચોરીઓ થતી રહી. અને ચોર પકડાતો ન હતો. રાજાએ તેનાલીરામને ચોરને પકડવાનું કામ સોંપ્યું. તેનાલીરામે બધા ઝવેરીઓને વિશ્વાસમાં લઈ ઘરેણાનું પ્રદર્શન ગોઠવ્યું. પ્રદર્શનને અદ્ભૂત પ્રતિસાદ મળ્યો. સેંકડો લોકો પ્રદર્શન જોવા આવ્યા. પ્રદર્શન પૂરું થયા પછી બધા જ આભૂષણો એક મોટી લોખંડની તિજોરીમાં રાખી તેના પર ચોકી પહેરો ગોઠવવામાં આવ્યો. તેમ છતાં ચતુર ચોર તિજોરી ખોલી દાગીના ઉપાડી ગયો. તેનાલીરામે સિપાઈઓને ચારેબાજુ મોકલીને કહ્યું કે એવા માણસોને શોધી લાવો કે જેમનો હાથ તથા કપડા લાલ રંગથી રંગાયેલા હોય. થોડા કલાકોમાં જ સિપાઈઓ ચાર માણસો ને પકડી લાવ્યા. જેના હાથ તથા કપડા પર લાલ રંગના ડાઘ હતા. ચોરોને લાલ આંખ દેખાડી અને ચોરોએ પોતાની ચોરી કબૂલી લીધી. ચોરાયેલા દાગીના પાછા આવ્યા અને ચોરોને સજા થઈ. તિજોરીને ચીકણા લાલ રંગથી રંગવાનો વિચાર તેનાલીરામનો હતો.

# નવરાત્રી વેકેશનનો નિર્ણય સર્વથા યોગ્ય

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત સરકારે હસ્તકની શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાનું સ્તુત્ય પગલું ભરીને એક બહુ જ યોગ્ય નિર્ણય લીધો છે. પરંપરાથી ચાલી આવતી રજા પદ્ધતિ મુજબ દિવાળી અને ઉનાળાની રજાઓ આપવામાં આવતી હતી. અગાઉ નાતાલની પણ રજાઓ અપાતી, પરંતુ ગુજરાત માટે દિવાળી કે નાતાલ કરતાં વધારે અગત્યનો તહેવાર નવરાત્રી છે. નવરાત્રીનો ઉત્સવ ઘણાં વર્ષોથી ગુજરાતની ઓળખ બની રહેલ છે. જેમ મૈસૂરના અને કુલુ મનાલીના દશેરા પ્રસિદ્ધ છે, બંગાળની દુર્ગાપૂજા કે દક્ષિણ ભારતની ઓનમ લોકપ્રિય છે તેમ ગુજરાત એની નવરાત્રીના નામે દુનિયાભરમાં ખ્યાતનામ બન્યું છે. આમ જુઓ તો પર્વો એ પ્રજાની રૂચિ અને અસ્મિતાનાં પરિચાયક બની રહેતા હોય છે. ઉત્તર ભારતમાં દિવાળી જેવા મહાપર્વ કરતાં પણ હોળીનો વિશેષ પ્રભાવ છે. હોલિકોત્સવને ઉત્તર ભારતની પ્રજા છેક વસંત પંચમીથી રંગપંચમી સુધી વિધવિધ સ્વરુપે માણે છે. એમાં યૌવન હિલોળે ચડે છે, એકમેકને 'બૂરા ન માનો હોલી હૈ' કહી રંગે છે. અબીલ ગુલાલ સાથે કાદવકીચડ પણ લોકોત્સવનો જ ભાગ બની રહે છે. એમાં રાધા અને કૃષ્ણની રાસલીલાના રંગો ઉમેરાય છે. હોલિકાદહનની પરંપરા હાંસિયે મુકાઈ જાય છે. અને સમસ્ત લોકોત્સવ આનંદમંગળનો તહેવાર બની રહે છે. આથી ઉત્તર ભારતમાં હોળીની રજાઓ અપાય છે, જે યોગ્ય જ છે. ખ્રિસ્તીઓની વસ્તી ધરાવતા કેરળ કે ઈશાની રાજયોમાં નાતાલ સૌથી મહત્ત્વનું પર્વ છે. ત્યાં નાતાલની રજાઓ અપાય છે. ગુજરાત કરતાં મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ એ મહત્ત્વનું પર્વ છે. લોકમાન્ય ટિળકે એને રાષ્ટ્રીય પર્વ બનાવી દીધું હતું, જે આજે તો દેશના ખૂણે ખૂણે બલકે વિદેશોમાં પણ ધૂમધામથી ઉજવાય છે. આ ગણેશોત્સવની રજાઓ મહારાષ્ટ્રમાં અપાતી હોય તો તે સર્વથા યોગ્ય જ લેખાય.

નવરાત્રી એ શક્તિ ઉપાસનાનું અને નર્તનનું પર્વ છે. વિશ્વનું સૌથી લાંબુ નર્તન પર્વ ગણાતી નવરાત્રી ધાર્મિક કરતાં સવિશેષ સાંસ્કૃતિક લોકોત્સવ બની રહેલ છે. ગુજરાતનું એક પણ ગામ એવું નહીં હોય જયાં નવરાત્રીના ગરબા ન ગવાયા હોત. આ નવરાત્રીના ઉજાગરા યુવા સમુદાયમાં નવી ઉર્જા પ્રેરે છે. જે મસ્તી અને તન્મયતા સાથે આ ઉત્સાહપ્રેરક પર્વની વિધ વિધ સ્વરુપે ઉજવણી થાય છે તે કદાચ સમાજશાસ્ત્રીય સંશોધનનો વિષય છે - એમાં ઉત્તર ભારતની હોળી જેવો જ ઉમંગ વરતાય છે અને બાર માસનો થાક ઉતારવાનો મોકળો અવસર સાંપડતો હોય તેમ યૌવન હિલોળે ચડે છે. સ્વભાવિક છે કે રાતના નર્તન પર્વમાં ભાગ લેનાર યુવક યુવતીઓ કે બાળકોને દિવસે ભણવા - ભણાવવામાં ઝાઝો રસ ન જ પડે. આથી ગુજરાત સરકારે નવરાત્રીના દિવસો દરમિયાન રજાઓ જાહેર કરીને પ્રજાલક્ષી અને સંસ્કૃતિસંમત નિર્ણય કર્યો છે. એમ જ કહેવું રહ્યું. નવરાત્રીની રજાઓની સામે દિવાળી વેકેશનમાં કાપ આવશે તે સહ્ય બનશે. કારણ કે દિવાળી એ ગુજરાતમાં પર્વોનું ઝૂમખું જરૂર છે, પરંતુ એ ચારપાંચ દિવસો સિવાયના દિવસો દરમિયાન બધા કાં તો ફરવા નીકળી જાય છે અથવા આળસ ખંખેરતા બેસી રહે છે.

# જાહેર સેવકો સંવેદનશીલતા દાખવે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'અરે, પણ પાસપોર્ટ નહિ આવે તો આપણે ટૂરમાં કેમ કરીને જશું ?'

'આટલા બધાની ટીકીટ કેન્સલ કરાવો તો એના કેટલા પૈસા કપાય ?'

'કાંઈક કરવું પડશે, પણ કરીએ તોય શું ?'

આ અને આવા પ્રશ્નો જુદા જુદા વ્યક્તિઓ - પરિવારના સભ્યો એક પછી એક બોલી રહ્યા હતા. સહુના ચહેરા પર અને મનમાં પણ, ઉચાટ હતો, ચિંતા હતી, લાંબા સમયથી પરિવારના સભ્યો જે ટૂરની ઈચ્છા રાખીને બેઠા હતા અને આખીયે ટૂરમાં એક વ્યક્તિનો પાસપોર્ટ જ ન હતો...

વાત ગુજરાતા ઔદ્યોગિક શહેરની છે, અહીં રહેતા જૈન પરિવારનો ધંધો-વ્યવસાય દાયકાઓથી ધમધોકાર ચાલે છે. પરિવારના તમામ સભ્યો સુખ:સંતોષથી રહે.

છોકરાઓના છોકરાઓ પણ ભારતના અન્ય શહેરોમાં ખુબ સારી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરે. ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા પરિવારના સભ્યોએ નક્કી કર્યું કે રજાઓ આવે છે તો સાથે ફરવા જઈએ. અનેક સ્થળો વિચારાયા અને આખરે નક્કી થયું કે વિદેશની ટૂર પર જઈએ અગાઉથી બુકીંગ કરાવી લેવાથી પ્લેનની ટીકીટો હવે સસ્તી મળી જતી હોવાથી પ્લેનની ટીકીટના બુકીંગ પણ થઈ ગયા. છોકરાઓએ સ્થળ પસંદ કર્યું હતું. મલેશિયાનો આઈલેન્ડ બીનતાન - પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર આ આઈલેન્ડને એની પોતાની નૈસર્ગિક શોભા છે અને એથી જ પ્રવાસીઓ માટે એ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

બધાના પાસપોર્ટ - મુસાફર વીમા - હોટેલ - ટ્રાન્સપોર્ટ અને નાસ્તા - આ બધું ફાઈનલ થઈ ગયું પણ હજી એક વાત ખૂટતી હતી... ઘરના વડીલ દાદીબાનો પાસપોર્ટ એમના પાસપોર્ટની મુદત પૂરી થઈ હતી એટલે એ પાસપોર્ટ રીન્યુઅલમાં આપ્યો હતો.

૨૦૧૭ના વર્ષમાં બનેલી આ ઘટનામાં દાદીબાનો પાસપોર્ટ હજી રીન્યુ થઈને આવ્યો ન હતો ને ગણતરીના દિવસો બાકી રહ્યા હતા એટલે બધા ભેગા થયા ત્યારે લેખના આરંભે લખેલા શબ્દોમાં ચિંતા વ્યક્ત થતી હતી.

મૂળ વાત હતી કે કોઈ કવેરી બાકી હતી... જે નજરે ચડી એટલે પાસપોર્ટ આવવાની પ્રક્રિયામાં વાર થઈ હતી.

પરિવારના પૌત્ર રથને વિદેશ મંત્રાલયમાં મંત્રીશ્રીને ટ્વીટ કરીને આખીયે ઘટના સવિસ્તાર સમજાવી - વિનંતી કરી કે જો દાદીનો પાસપોર્ટ મળી જાય તો અમે બધા સાથે થઈ શકીએ...

અને સહુના આનંદ-આશ્ચર્ય વચ્ચે બે દિવસમાં જ ટ્વીટના જવાબ રૂપે પાસપોર્ટ ઘરે આવી ગયો... એક યુવાને ટેકનોલોજીનો સહારો લીધો - સંવેદનશીલ મંત્રીએ એના પર ધ્યાન આપ્યું. સાચી વાતનો ઉકેલ થયો અને સહુ આનંદ કરતા કરતા વિદેશયાત્રાએ જઈ આવ્યા.

સમય બદલાઈ રહ્યો છે, પરિવર્તનશીલ આ સમયમાં જાહેર સેવાઓ પણ પ્રમાણમાં સુવિધાપૂર્ણ બનતી ચાલી છે. પહેલા જાહેર હિતની વ્યક્તિગત કે સામૂહિક ફરિયાદ કરવા રૂબરૂ જવું પડતું હવે એક ટ્વીટથી એ રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચે છે. સંવેદનશીલ શાસકો એની નોંધ લે અને વાત સાચી જણાયે જયારે ઉકેલ આપે ત્યારે અજવાળા રેલાય છે.

# નવાઈ છે કે ઊંડાણોય છીછરાં નીકળે, કોઈ મનુષ્યની અંદર ડૂબી શકાતું નથી : રમેશ પારેખ



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

'માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો દરરોજના બસો-પાંચસો ખૂનો એક-એક શહેરમાં ઊજવતા હોત.'

'બીડેલા હૈયા' નવલકથામાં ઝવેરચંદ મેઘાણીએ આ કડવી વાસ્તવિકતા લખી છે. વ્યક્તિ જે સાચુ છે તે નથી જણાવતો, પણ સારું લાગે છે તે બોલે છે. વ્યવહારિક સમાજમાં જીવવા માટે વ્યવહારિકતાની ટર્મ્સ એન્ડ કન્ડિશન છે તે સ્વીકારીને ચાલવાનો મહાવરો દરેક વ્યક્તિને કેળવી લીધો છે.

પણ ખરેખર વસ્તુ સ્થિતિ એ છે કે માણસ સાવ નિખાલસ થવા માગે છે, પેટ છૂટી વાત કરવા ઈચ્છે છે, પ્રત્યેક માણસ ઢીલો છે, એ કયાંક ને કયાંક પોતાને ખાલી કરવા ઈચ્છે છે. ઢોળાઈ જવા તત્પર હોય છે, પણ મુશ્કેલી એ છે કે આ માટે યોગ્ય સ્થળ મળતું નથી અને અગાઉ જયાં જયાં પણ પોતાના હૃદયની સત્યતા, મનનો ઉકળાટ, અંતરની છટપટાહટ, એણે ખોલવાનો ગુનો કર્યો. ત્યાં ત્યાં એણે થાપ ખાધી છે. એની આ નિખાલસતા, સરળપણાંનો કાં તો લાભ ઉઠાવવામાં આવ્યો છે અથવા તો તેની ખરાબ રીતે મજાક ઉડાવવામાં આવી છે. તેને હસી નાખવામાં આવ્યો છે.

લાગણીની સરિસા ટહુકો કરે પણ,
ભર ચોમાસે કાયં ભીજાય છે માણસ.
- સ્નેહી અંકલેશ્વરી

પ્રત્યેક માણસને કયાંક વરસી પડવાનું ગમે છે, પણ ઉપર જણાવ્યું તેમ સમાજનો દંભી વર્ગ, એટીકેટ વાળી સભ્યતાએ જ આ નિખાલસ, સંવેદનશીલ અને લાગણીશીલ વ્યક્તિને ગણતરીબાજ, સંવેદનશૂન્ય અને રીઢો બનાવી દીધો છે. માણસે અસલ સ્વભાવ પર સંપૂર્ણ પણે વ્યાવહારિકતાની પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડે છે.

ભગવાને મનુષ્યનો અમુલ્ય અવતાર આપ્યો છે, જીવવાની એક્ટિંગ કરવા કે શિષ્ટાચાર પૂરો કરવા માટે નથી જીવવાનું. માણસ-માણસ સામે ખૂલી શકતો નથી. સાચુ બોલવાની બદલે સારું બોલવાની ટેવવાળો થયો ત્યારથી, ખોટું કરવાની વૃત્તિ તેનામાં પ્રવેશી ગઈ છે.

કમકમાટીભર્યો ખૂનકેસ આજ-તક પર દેખાડાતો હોય ત્યારે અરેરાટી છૂટે છે, મારી ગયેલા શરીર કમકમાટી જગાડે છે, પણ રોજ-રોજ સંસારના વ્યવહારિકતા રૂપી અત્યાચારો વેઠી-વેઠીને અધમૂઆ થઈ ગયેલાઓની પરવા કરનાર કોઈ નથી. લાકડી, ખંજર તલવાર કે બંદૂરથી ન થયો હોય તેવા પ્રહાર ને પ્રહાર ગણવા કોઈ તૈયાર નથી.

સંવેદનાઓ પરના પ્રવાહો વેઠી લેવા એ આજના સમજૂ માણસની મજબૂરી છે, અથવા તો એમ કહો કે આજકાલ સમજુ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે કે ચૂપચાપ તમાસો સહન કરવાનો અને જોયા કરવાનો. તેમાં ભાગ લેવો હોય તો ચૂપચાપ મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ હરફ પણ નીકાળશો તો પહેલો પથ્થર તમને વાગશે. થઈ જવું તેના માટે જરૂરી છે, બાળપણની નિખાલસતા તેને પોસાય તેમ નથી. ને આથી જ સંજોગો તેની નિખાલસતાને પગ તળે કચડીને વ્યાવહારિકતાનો રસ્તો કલીયર કરી દે છે. બાળપણને શાણપણ વટાવી ખાય છે.

ગામડાના ખેડૂતની નિખાલસતાનો શહેરનો વેપારી લાભ લઈ જાય છે. ભોળા કિસાનની મહેનત પ્રમાણે ભાવ ન આપે. ખેડૂતને છેતરીને તે વેપારી તેની પાસેથી ધાન્ય જ નહીં તેની નિખાલસતા પર ચોરી લે છે. પછી ખેડૂત પણ શાણો બનીને વ્યવહારુ સમાજમાં ઢળવા માડે છે તેની પાસે બીજો રસ્તો જ નથી.

એક સંવેદનશીલ અને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષકનો આદર્શ અને તેની લાગણી એ છે કે બાળકોને ખરા અર્થમાં સરસ્વતીની સાધના શીખવવી પણ તેની આ ભાવનાને લુચ્ચા સંચાલકો - દૂધ-પીતી કરી દે છે, અને પછી ગણતરીબાજ ટ્યૂશનિયા શિક્ષકનો જન્મ થાય છે. શાળામાંથી ગુજરાત ચાલે તેટલો પગાર ન મળતો હોવાથી પ્રેક્ટિકલ રસ્તો અપનાવીને તે ટ્યુશનીયા ધંધાને રવાડે ચઢે છે.

સાત્ત્વિક અને શ્રદ્ધાળુ ભક્તને ઢોંગી ધર્મગુરુઓ વટલાવી નાખે છે. નિખાલસ માણસને નિખાલસ બનવા બદલ પસ્તાવુ પડે એવા આપણા સમાજમાં, ધાર્મિકતાના નામે દંભનો જે દોર ચાલ્યો છે તેનાથી સાચા ભક્તની બદલે સ્વાર્થી અને પ્રોફેશનલ એટીટયુટ વાળી ભક્તની વર્ણસંકર કેટેગરી ઉત્પન્ન થઈ છે.

'કિસીકો કુછ ન બતાઓ,
કિસી કે કુછ ન કહો,
સભી સે ખુદ કો છુપાઓ,
કિસી સે કુછ ન કહો.'
- શીન કાફ નિઝામ


કોઈને કશું જ નહીં કહેવાનું, કારણ કે અહીં કોણ કયારે 'બ્રૂટ્સ' બનીને પીઠ પર ઘા કરશે તે કહેવું મુશ્કેલ છે અને આથી જ માણસ હવે ઉઘડતો નથી. ચોમાસામાં તો હજી પણ કયારેક ઉઘાડ નીકળે છે, પણ માણસનો ઉઘાડ નીકળવા મુશ્કેલ છે.

એક અરેબિયન વાંચી હતી, જે અહીં બંધબેસતી જણાય છે.

ઘાસ પર રમતા'તા
રેતીના કિલ્લા બાંધતા'તા...
એ બધું સ્વપ્ન થઈ ગયું
પણ પછી તો વરુઓ મળ્યાં
માણસના ચહેરામાં
આપણને ભયભીય કરી મૂકે
એવા
માએ કહ્યું હતું કે જૂઠ્ઠું ન બોલતો
પિતાએ સાચું બોલવાની સલાહ
આપી હતી
પણ જયારથી કદરૂપાને રૂપાળા
કહેવાની
સમાજમાં પ્રથા જોઈ
નર્યા દંભની કથા જોઈ
ત્યારથી જૂઠ્ઠું કંઈ રીતે બોલાય
એની કળા હું શીખી ગયો.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# શબ્દો વગર સમજાઈ જાય ત્યારે સંચાર કલાનું સ્થાન મેળવે છે



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જાણકારી અને પ્રસાર આ બે શબ્દોમાં હંમેશા ગોટાળાપંચક થયા કરે છે. આ બન્ને શબ્દોને અવાર નવાર એકબીજા માટે ઉપયોગ થતો જોવા મળે છે. ખરેખર તો આ બંને શબ્દોના અર્થ, તાકાત અને સંદર્ભ બિલકુલ અલગ છે. જાણકારી એટલે અંગ્રેજીમાં ઈન્ફર્મેશન અને હિન્દીમાં સુચના. અને પ્રસાર એટલે અંગ્રેજીમાં કોમ્યુનિકેશન અને અને હિન્દીમાં સંચાર. જાણીતા લેખક સિડની હેરિસ કહે છે કે, જાણકારી માહિતીથી ભરેલી હોય છે, જ્યારે પ્રસાર અલગ-અલગ માધ્યમોનો ઉપયોગ કરીને થાય છે.

આજે વાત કરવી છે, કોમ્યુનિકેશનની. સંચારની શક્તિ અત્યંત નિરાળી છે. જેની પાસે પ્રસાર અને સંચારની શક્તિ છે એ હંમેશા જિંદગીની રેસમાં આગળ નીકળી જાય છે. ફૂલોના મનમોહક રંગો અને સુગંધ જીવનમા વગર શબ્દે ઉલ્લાસનો સંચાર કરે છે. કવિ ઉદયન ઠક્કરના શબ્દોમા પેલી મઝાની વાત સંચારના આહલાદને અભિવ્યકત કરે છે. 'કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે ? કૂંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે ?' રંગબેરંગી પતંગિયાની ઊડાઊડને ક્યાં કોઈ ભાષાની જરૂર હોય છે. પણ અદભુત આનંદ કમ્યુનિકેટ કરે છે. જ્યાં સુધી કોઈ ચોક્કસ ભાષા અને શબ્દો ન હતા ત્યારે પણ સંચારની વ્યવસ્થા તો હતી જ. ચિત્રો અને સંજ્ઞાઓ દ્વારા વાત કોમ્યુનિકેટ થતી હતી. ચિંતક વોલ્ટ ડિઝની તો ત્યાં સુધી કહે છે કે, કોમ્યુનિકેશનની પરિભાષામાં ચિત્રો સૌથી અસરકારક માધ્યમ બનીને મોખરે બિરાજે છે. કહયાં વગર હાવભાવ અને અહેસાસથી જે વાત સમજાઈ જાય એ પણ ઉત્તમ કોમ્યુનિકેશન છે.

> **સાદ પાડી તને બોલાવતો તો રહીશ હું**
> **ક્યાં સુધી પડઘાઓને અવગણી રહીશ તું**
> **- ડૉ. મુકેશ જોષી**

વર્ષો પહેલા કેનેડાના એક નાનકડા પરાગણામા બનેલી ઘટના યાદ આવે છે. ડગ્લાસ નામનો એક વેપારી. એણે એક રીંછ પાળ્યું હતું. એને એ ખૂબ ચાહતો. એને ખવડાવતો. રોજ એની સાથે રમતો. એની દેખભાળ રાખતો. એક વખત વેપારના કામ માટે ડગ્લાસને બે-ત્રણ મહિના બીજા શહેરમાં જવાનું થયું. રીંછની દેખભાળ કરવાવાળું કોઈ ન હતું એટલે એના ઘર પાસે આવેલા એક પ્રાણી સંગ્રહાલયનો એણે સંપર્ક કર્યો. નિયમ અનુસાર રકમ ભરીને ડગ્લાસે રીંછને પ્રાણી સંગ્રહાલયમાં પાંજરામાં મૂકીને એ નિરાંતે એના કામ માટે બીજા શહેરમાં ગયો.

ત્રણ ચાર માસ પછી એના બિઝનેસનું કામ પૂરું થતા પાછો પોતાના ગામ આવવા માટે નીકળ્યો. ઘરે જતા પહેલા સીધો એ પ્રાણી સંગ્રહાલયમાં ગયો કે જ્યાં એણે એનુ વહાલુ રીંછ મૂક્યું હતું. રીંછના પાંજરા પાસે જઈને એણે સુરક્ષા ગાર્ડને કહ્યું, 'મને આ પાંજરું ખોલી આપો. મારે મારા રીંછને મળવું છે. હું એને ઓળખું છું. આ મારૂ રીંછ છે.' સુરક્ષા ગાર્ડ નવો હતો. એણે ડગ્લાસને પાંજરાનો દરવાજો ખોલી રીંછ પાસે જવા દીધો. ડગ્લાસ તો રીંછ પાસે જઈ એને પ્રેમથી ભેટ્યો. પછી રીંછના ગળે, પેટ ઉપર ખૂબ પ્રેમથી હાથ ફેરવવા લાગ્યો. રીંછ પણ ગેલમા આવી ગયું. ડગ્લાસ સાથે પ્રેમથી ખૂબ રમવા લાગ્યું. ગાર્ડ અને અન્ય લોકો પણ રીંછ અને ડગ્લાસને જોઈને રાજી થઈ ગયા. એટલામાં પ્રાણી સંગ્રહાલયનો મેનેજર દોડતો ડગ્લાસ પાસે આવીને એને પાંજરામાંથી બહાર બોલાવ્યો. મેનેજરે ગાર્ડને રીંછના પાંજરાનો દરવાજો બંધ કરવા સૂચના આપી. ડગ્લાસ સમજી ન શક્યો મેનેજર આમ કેમ કરે છે. આશ્ચર્યચકિત બનીને ડગ્લાસે મેનેજરને પૂછ્યું, 'કેમ તમે આમ કરો છો. હું તો મારા રીંછને મળતો હતો. તમે તો જાણો છો એ મારું પ્રિય રીંછ છે. હું જ એને અહી મૂકી ગયો હતો.' ત્યારે મેનેજરે વિનમ્રતાથી કહ્યું, 'તમે જે રીંછ મૂકી ગયા હતા તે મહિના દિવસમાં અસાધ્ય બીમારીને કારણે મૃત્યુ પામ્યુ હતું, આતો બીજું જંગલી રીંછ છે. તમે જેની સાથે મોજથી ગમ્મત કરતા હતા એ તમારું રિંછ નથી.' ડગ્લાસના શરીરમાં એક મિનિટ માટે તો લખલખું પસાર થઈ ગયું. એના માથે વીજળી પડી હોય એવું એને લાગ્યું.

જોકે આ આખી ઘટનામાં વગર બોલે અહેસાસ અને લાગણીસભર હાવભાવ અને પ્રેમનના અસરકારક કોમ્યુનિકેશનના કારણે તદ્દન અજાણ અને નવું હિંસક પ્રાણી રીંછ ડગ્લાસના વહાલનો પ્રતિસાદ આપતું રહયું. કોઈ પણ ભાષા કે કશું પણ બોલ્યા, કહયાં વગર થતાં કોમ્યુનિકેશનનું મજબૂત ઉદાહરણ.

સંચારની પરિભાષામાં જે વાત નથી કહેવાઈ પણ સામેની વ્યક્તિને એ સમજાઈ જાય એ સૌથી અસરકારક કોમ્યુનિકેશન કહેવાય. લાગણીસભર હાવભાવ સંચારના મજબૂત સાધનો છે. એવું જ સંગીતની બાબતમાં છે. સંગીત સંચારનું ઉત્તમ સાધન છે. સાયન્ટિફિકલી પુરવાર થયું છે કે, માનવી સહિત દરેક જીવના શરીર ઉપર સંગીત દ્વારા અસરકારક સંચારનો પ્રભાવ પડતો જોવા મળ્યો છે.

સંચાર કૌશલ્ય એ કલા પણ છે અને વિજ્ઞાન પણ છે. વ્યક્તિગત કે સમૂહ માટે સંચાર કૌશલ્ય ઉપર નિષ્ણાતો સતત સંશોધન કરતા હોય છે એની પાછળનો મહત્વનો ઉદ્દેશ અસરકારક રીતે નિર્ધારિત પરિણામ પ્રાપ્ત કરવાનો હોય છે. વિશ્વમાં જેટલા પણ મહાન નેતા કે પ્રભાવક ગુરૂઓ થઈ ગયા અને છે એમની અભિવ્યક્તિની કલા બહેતરીન હોય છે.

સારા કોમ્યુનિકેટર હંમેશા બીજાની વાતને ધ્યાનથી સાંભળતા હોય છે. પોતાની વાત કહેવાની ઉતાવળમાં કોમ્યુનિકેશનનું મૂળ હાર્દ જ માર્યુ જાય છે. એકવાર એક અખબારના તંત્રીએ અખબારની નીતિવિષયક બાબતને લાગતાં મહત્વના ફેરફારો માટે અખબાર સાથે સંકળાયેલા તમામ લોકોને એકત્રિત કરીને ત્રણ કલાક સુધી એમની વાતો સાંભળી. અને પછી છેલ્લે તંત્રીએ એમની વાત મૂકી. સૌ કોઈએ તંત્રીની વાતને એક અવાજે સ્વીકારી લીધી.

સંચાર કલાની એક નોંધનીય ખાસિયત રહી છે કે, જ્યારે કોઈ વાત રજૂ થતી હોય ત્યારે વાત રજૂ કરનાર સામે આખ મિલાવી એની વાતમાં રસ હોવાનો રજુઆતકર્તાને અહેસાસ કરાવવો. આ બાબત સંસાર કલાનો પાયાનો સિદ્ધાંત છે. સ્માઈલિંગ ફેઈસ અને હકારાત્મક બોડી લેંગ્વેજ કમ્યુનિકેશન વધુ અસરકારક બનાવે છે. મુદ્દાસર અને ટૂંકમાં રજૂ કરાયેલી વાત બહુ ચોટદાર હોવાનું નોંધાયું છે. તસ્વીરો, ચિત્રો, હાવભાવ, શિલ્પ, અહેસાસ, મૌન, સંગીત, લખાણ વગેરે સંચારની દુનિયાના પ્રભાવક કમાન્ડરો કહેવાય છે.

**ધબકાર :**

એક સાચો શબ્દ પ્રભાવી હોઈ શકે, પણ કોઈ શબ્દ, યોગ્ય સમયે આપવામાં આવેલા અલ્પવિરામ જેટલો પ્રભાવી ક્યારેય નથી બની શકતો.